# કોરીથની મંડળીની માફક, તમારી મંડળીમાં પણ આત્મિક દાનો છે.

બાળકોને શિખવનારે s6b સ્ટડી વાંચવો.

**દેવે દરેક વિશ્વાસીને જે આત્મિક દાન આપ્યુ હોય**
**તે પ્રમાણે દરેકે એકબીજાની સેવા કરવી જોઈએ**



૧. **પ્રાર્થના વડે અને દેવના વચન વડે કરો જેથી વિશ્વાસીઓ પોત પોતાના આત્મિક દાનો વડે એકબીજાની સેવા કરવા ઉત્તેજીત થાય.**

વર્તમાન જરૂરિયાતો અને સ્થાનિક રસમો મુજબની પ્રવૃત્તિઓ પસંદ કરો.

**પ્રાર્થના :** વ્હાલા પ્રભુ,તમે દરેક વિશ્વાસીને જે શકિત આપી છે તે પોતાનામાંથી શોધીને દરેક એકબીજાની સેવા કરવા માટે આનંદપૂર્વક વાપરે તેવી કૃપા દરેક ઉપર થવા દો.

**રૂમી. ૧૨:૪-૮ માંથી શોધો**

- વિશ્વાસીઓના આત્મિક દાનોથી કોને લાભ થવો જોઈએ *(ક.૫)*
- દરેક વિશ્વાસીને કયું દાન આપવુ તે પ્રભુ કઈ રીતે નક્કી કરે છે ? *(૬)*
- બોલવા માટેના બે પ્રકારના દાનો કયા છે ? *(૬,૭)*
- સેવા માટેના ત્રણ દાન કયા છે ?(૭,૮)

**૧ કોરી. ૧૨ મા** અધ્યાયમાંથી શોધો કે પવિત્ર આત્મા દરેક વિશ્વાસીને એકબીજાની સેવા કરવા માટે કેવું પરાક્રમી સામર્થ્ય આપે છે.

- વિશ્વાસીઓ ને આત્મિક દાનો કોણ આપે છે ? *(કલમ ૩ - ૬)*
- ક્યા વિશ્વાસીઓને આત્મિક દાનો મળે છે ? *(કલમ ૭ , ૧૧)*
- પવિત્ર આત્મા કયા હેતુ માટે દાનો આપે છે ? *(કલમ ૭)*
- *(કલમ ૧૧)*
- કયા ખ્રિસ્તીઓ પાસે દેવનો પવિત્ર આત્માં છે ? *(કલમ ૧૨,૧૩)*
- દરેક ખ્રિસ્તી પાસે સર્વ સામાન્ય દાન કયુ છે ? *(કલમ ૨૭-૩૦)*

**૧કોરીંથી ૧૪ :૨૪-૨૬ માંથી શોધો**

-
-

**એફેસી ૪ :૧૦-૧૬ માંથી શોધો**

- મંડળીને કૃપાદાનવાળા લોકો કોણ પૂરા પાડે છે ? *(૧૦-૧૧)*
- મંડળીને પાચ પ્રકારના કૃપાદાનવાળા માણસો મળે છે *(૧૧)*
- પોતાના આત્મિક દાનો વડે આ કૃપાદાનવાળા લોકોએ શું કરવું જોઈએ ? *(૧૨)*
- જયારે મંડળીમં કૃપાદાનનો ઉપયોગ થાય તો તેનું પરિણામ કેવું આવે છે ? *(૧૩-૧૬)*

**૧પિતર ૪:૭-૧૧માંથી શોધો.**

- જયારે વિશ્વાસીઓ પોતપોતાના આત્મિક દાનોનો ઉપયોગ કરતા હોય ત્યારે તેઓએ એકબીજા સાથે કેવી રીતે વર્તવુ જોઈએ ? *(૭ - ૯)*
- વિશ્વાસીઓએ પોતાના આત્મિક દાનો વડે શું કરવુ જોઈએ *(૧૦)*
- બે મુખ્ય પ્રકારના આત્મિક દાનો *(૧૧)*
- જેઓને બોલવાનુ દાન હોય તેમણે કઈ બાબત વિષે બોલવું જોઈએ ? *(૧૧)*
- દાન પામેલ વિશ્વાસીઓએ પોતાના દાનનો ઉપયોગ કોના મહિમા કરવો જોઈએ ? *(૧૧)*
- *(૧૧)*

**બાર્નાબાસે દાન આપવાનું** પ્રેકૃ ૪:૩૨-૩૭, ઉતેજન આપવવાનુ દાન પ્રેકૃ.૯:૨૨-૨૭, વિશ્વાસીનું દાન પ્રેકૃ.૧૧:૨૨-૬૬,શિક્ષણનુમ દાન ૧૩:૧ અને પ્રેરિતપણાનું દાન પ્રેકૃ.૧૩:૨-૪ માં વાપર્યુ છે, તેનો અભ્યાસ કરો.

૨. **આવનાર અઠવાડીયાની પ્રવૃતિઓનું આયોજન સાથીદારો સાથે કરો.**

Paul - Timothy બુક પુસ્તિકા S6e માં આત્મિક દાનોના વર્ણનની **સમીક્ષા કરો.**

જો તમે જાણતા હો તો પ્રત્યેક સભ્યના આત્મિક દાન વિષે ચર્ચા કરો.

પ્રત્યેક જૂથના પાળકને તેના ટોળાના સભ્યોની આત્મિક દાનો જાણવા તેમની વાતો ધ્યાનપૂર્વક સાંભવવાની વ્યવસ્થા કરો.

જો જૂથમાં કોઈ દાનની જરૂર હોય અને અન્ય જૂથમાં તે હોય તો તે દાન ધરાવતી વ્યક્તિ આ જૂથમાં થોડો સમય સામેલ થાય તેવી વ્યવસ્થા કરો.

૩. **આગામી ભજનસેવા માટે સહકર્મીઓ સાથે આયોજન કરો.**

બાર્નાબાસે તેના આત્મિક દાનો કેવી રીતે વાપર્યા તેની ચર્ચા કરો અને તેઓએ તેનું નામ કેમ બદલ્યું તે જણાવો. (પ્રે.૪:૩૬)

વિશ્વાસીને જે આત્મિક દાન પ્રાપ્ત થાય છે તે નક્કી કરનાર દેવ છે તે સમજાવો. આપણે કેવા હેતુસર તે દાન વાપરવા જોઈએ તેની માર્ગદર્શિકા સમજાવો. ભાગ-૧ માંથી આત્મિક દાનો વિષેના પ્રશ્નો પૂછો.

જેઓએ પોતાના આત્મિક દાનો પ્રેમપૂર્વક અને સમજપૂર્વક વાપર્યા હોય તેવા વિશ્વાસી ભાઈઓથી જેઓને આત્મિક આશિષ પ્રાપ્ત થયો હોય તેઓ સાક્ષી આપે.

ભેગા મળીને ૧ કરી૧૪:૨૪-૩૧ વાંચો. તેમાં જે આત્મિક દાનો વર્ણવ્યા છે તેના નામ વિશ્વાસીઓ આપે. મંડળીમાં તેઓ તેમાંનો કોઈ આત્મિક દાનોનો અનુભવ કરતા હોય તો તેઓ **કહી બતાવે.**

**બાળકો**એ જે નાટક અને પ્રશ્નો તૈયાર કર્યા હોય તે તેમને રજુ કરવા દો.

**પ્રભુની મેજ** માટે ૧ કોરી૧૧:૨૩-૩૪ વાંચો. કોરીંથના કેટલાક લોકો કેવી રીતે પ્રભુની મેજનો દુરૂપયોગ કરતા હતા જેને કારણે કેટલાક માંદા હતા અને કેટલાક મૃત્યુ પામ્યા હતા તે સમજાવો.

બે કે ત્રણના જૂથમાં વહેંચાઈને વિશ્વાસીઓ પોતાના આત્મિક દાન વિષે ચર્ચા કરે, એકબીજાનું સાંભળે. એકબીજાને ઉત્તેજન આપે એકબીજામાટે પ્રાર્થના કરે.

રૂમી ૧૨:૧૦-૧૧ **મુખપાઠ કરો.**

**આત્મિક દાનોનો ઉપયોગ કરવા બાબતે માર્ગદર્શન**

૧. બે કે ત્રણ જૂથમાં વિશ્વાસીઓ પોતાના આત્મિક દાનોનો ઉપયોગ એકબીજાની સેવા માટે કરે તો તેમના દાનો પ્રદિપ્ત થશે અને બીજા વિશ્વાસીઓને તેની ખબર પડશે. નવા વિશ્વાસીઓને સેવા બાબત રોકવા નહિ.

૨. દરેક વિશ્વાસીને પોતાના આત્મિક દાન પ્રગટ કરવાની તક મળવી જોઈએ. નાના જૂથમાં આ સૌથી સારી રીતે શક્ય બનશે. અમુક મર્યાદિત વાક્છટા ધરાવતા વિશ્વાસીઓને બાકીના સભાજનો સાંભળ્યા કરે તેવી હદ બાંધશો નહિ.

૩. જ્યારે વિશ્વાસીઓ આત્મિક દાનો વાપરે ત્યારે તેમનામાં એકબીજા પ્રેમ હોવો જરૂરી છે તે સમજાવો. જ્યારે કોઈનો સ્વભાવ ગુસ્સાવાળો કે અપ્રેમી હોય ત્યારે બીજાઓને નુકશાન થાય છે.

૪. વિશ્વાસીઓના આત્મિક દાનો પ્રમાણે મંડળીમાં તેની જવાબદારીમાં કાર્યો અને સેવાઓ નક્કી કરો. જે બાબતનું દાન ન હોય તેવું કાર્ય કોઈને સોંપશો નહી.

૫. વડિલો પાસે પ્રબોધનું દાન હોવું જરૂરી છે. મદદ ગારો પાસે સેવાનું દાન હોવું જરૂરી છે.

૬. નાના જૂથો કે સેવાકીય સંગતો પાસે વિવિધ દાનો ધરાવતા સભ્યો હોવા જોઈએ જેઓને પવિત્ર આત્મા એક્તામાં રાખીને કાર્ય પાર પાડે. એક સરખા આત્મિક દાનો ધરાવતા વિશ્વાસીઓને એકજ જૂથમાં ના રાખો.

૭. આત્મિક દાન હોવું એટલે  બીજા વિશ્વાસીઓ ઉપર આપોઆપ અધિકાર મળી ગયો તેમ ન સમજવું. તેથી ઉલ્ટું આત્મિક દાન એકબીજાની પ્રેમથી સેવા કરવા માટે વાપરવું. જેથી બધાને લાભ થાય.

૮. દરેક વિશ્વાસી પાસે બીજાઓના લાભ માટે આત્મિક દાન હોય છે તેને કારણે તે ભણેલો હોય કે અભણ ગમે તે સામાજીક વર્ગનો હોય, ઉચ્ચ કે નીચ, તે બીજા વિશ્વાસીઓ માટે મહત્વનું સ્થાન ધરાવે છે.

Copyright © 2004 by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net.